ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં ગરમીનો પારો ૪૦ને પાર

**ગાંધીનગરમાં ઉનાળો આકરો બન્યો : છેલ્લા દોઢ મહીનાથી વારંવાર સર્જાતા વાતાવરણ પલ્ટાના અંતે આખરે ગરમીની મોસમ ઉગ્ર બની : સિઝનની રેકર્ડ બ્રેક ગરમી : દિવસે આકરા તાપથી બચવા નગરજનો ઘરમાં પુરાયા : જનજીવન ગરમીથી પ્રભાવિત**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં છેલ્લા દોઢ મહીનાથી સતત વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે એપ્રિલના મધ્ય સુધી નગરજનોને ઉનાળાની આકરી ગરમીનો અહેસાસ થતો ન હતો સતત વાદળિયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ પણ ગમે ત્યારે ખાબકતા શહેરીજનો ત્રેવડી ઋતુની અસરથી બેચેની અનુભવતા હતા જો કે છેલ્લા ત્રણ દિવસથી સતત ગરમીનો પારો ઉપર ચઢતા હવે ઉનાળો આકરો બન્યો હોવાનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. આજે મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી ઉપર જતુ રહેતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. બપોર બળબળતી બનતા નગરજનો ઘરમાં પુરાયેલા રહ્યા હતા. આકરી ગરમીના દિવસોની શરૂઆત થઈ ગઈ છે. હવામાન તજજ્ઞોના મતે આગામી દિવસોમાં હજુ ગરમીનુ પ્રમાણ વધશે જો કે દિવસના આકરા તાપ બાદ આજે સાંજે ફરી એકવાર વાતાવરણ વાદળિયુ જોવા મળ્યુ હતુ.

ગાંધીનગરમાં આજે ગરમીનો મિજાજ ઉગ્ર બન્યો હતો. મહત્તમ તાપમાન ૨.૩ ડીગ્રી ઉંચકાતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. ગત ફેબ્રુઆરી મહીનાના અંતમાં ગરમીનુ પ્રમાણ વધતા મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીને પાર થઈ જશે તેમ સ્પષ્ટ થયુ હતુ પરંતુ વારંવાર વાતાવરણ પલ્ટાના લીધે ગરમી અદ્રશ્ય થઈ હતી. જયારે માર્ચ મહીનામાં વખતોવખત વાદળિયા વાતાવરણના લીધે ગરમીનો પારો ઉંચકાયો ન હતો. મહત્તમ તાપમાન ૩૨ થી ૩૬ ડીગ્રી આસપાસ જોવા મળતુ હતુ. સામાન્ય રીતે માર્ચ મહીનાથી જ આકરા તાપની શરૂઆત થઈ જતી હોય છે. જયારે એપ્રિલના શરૂઆતના દિવસોમાં પણ વાદળિયા વાતાવરણ વચ્ચે ગરમીનો પારો ૪૦ ડીગ્રીની અંદર જ રહ્યો હતો. જો કે છેલ્લા બે દિવસથી વાતાવરણમાં ધીમે ધીમે ગરમીનુ જોર વધી રહ્યુ છે. ગત સપ્તાહ દરમિયાન વાદળોના ઘેરાવ વચ્ચે બદલાયેલા આકાશી નઝારાના અંતે છાંટણા પણ વરસ્યા હતા જો કે વાતાવરણ પલ્ટાના અંતે છેલ્લા ત્રણ દિવસથી મહત્તમ તાપમાન ઉંચકાતા ગઈકાલે ગરમીનો પારો ૩૮ ડીગ્રીથી ઉપર આવી ગયો હતો જયારે આજે અચાનક જ વાતાવરણમાં ગરમીનુ પ્રમાણ વધ્યુ હતુ. આજે મહત્તમ તાપમાન ૨.૩ ડીગ્રી ઉંચકાતા ગરમી ૪૦.૫ ડીગ્રી સુધી પહોંચી ગઈ છે. છેલ્લા ત્રણ દિવસમાં મહત્તમ તાપમાન ૫.૫ ડીગ્રી ઉપર આવ્યુ છે. જયારે ગરમી વધવાની સાથે લઘુત્તમ તાપમાન પણ છેલ્લા ત્રણ દિવસમાં ૫.૪ ડીગ્રી ગગડયુ છે. જેના લીધે હવે દિવસના અંતે અને સવારના સમયે પણ ગરમીની અસર વર્તાય છે. આજે ગરમીનો મિજાજ ઉગ્ર બનતા સવારથી જ નગરજનોને ગરમીએ અકળાવ્યા હતા જયારે બપોરના સમયે રીતસર અંગ દઝાડતી ગરમીનો અહેસાસ શહેરીજનોએ કર્યો હતો. આકરી ગરમીના દિવસો શરૂ થતા હીટવેવથી બચવા શહેરીજનો કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ પસંદ કરતા નથી. આજે પણ દિવસ દરમિયાન આકરા તાપથી બચવા માટે સેકટરવાસીઓ ઘરમાં પુરાયેલા રહ્યા હતા બપોરના સમયે કચેરીઓ અને શોપિંગ બજારમાં પણ ગરમીની અસર વર્તાઈ હતી. સેકટરોના શોપિંગ બજારોમાં પણ ખાલીપો જોવા મળ્યો હતો જયારે ધોમધખતી બપોરે સેકટરોની શેરીઓમાં પણ સન્નાટો જોવા મળ્યો હતો. જયારે દિવસના આકરા તાપના અંતે સાંજના સમયે અચાનક જ વાદળિયુ વાતાવરણ છવાયુ હતુ. જેના લીધે નગરજનોએ સાંજના સમયે ગરમીમાં થોડી રાહત અનુભવી હતી. હવામાન તજજ્ઞોના મતે અપ્રિલ અને મેં મહીનામાં એકબાજુ વાતાવરણ પલ્ટો પણ જોવા મળશે. અલબત્ત આંધી વંટોળ સાથે વરસાદની પણ સંભાવના છે. જયારે બીજીતરફ આ દિવસોમાં ગરમી નો પારો પણ ઉંચકાશે આજે મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીને પાર થતા હવે ઉનાળો વધુ આકરો બનશે. જયારે આગામી દિવસોમાં ગરમી ૪૫ થી ૪૬ ડીગ્રી સુધી પહોંચી જશે તેવી પણ સંભાવના છે. આકરી ગરમીના દિવસો શરૂ થતા નગરજનોએ પણ આરોગ્યના મામલે વધુ સાવધ રહેવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# સિવિલ હોસ્પિટલમાં સંભવિત કોરાનાના પગલે મોકડ્રીલ યોજાઈ

**ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતેની મોક ડ્રીલમાં ઓક્સિજન પ્લાન્ટ ,વેન્ટિલેટર, બેડની ઉપલબ્ધતા, દવાના જથ્થા સહિતની તમામ સુવિધાઓનુ મંત્રીશ્રીએ જાત નિરીક્ષણ કર્યું :**



ગાંધીનગર, તા.૧૦

વૈશ્વિક સ્તરે કોવીડ-૧૯ ના કેસો ચિંતાજનક રીતે વધારો થતો જોવા મળી રહ્યો છે. ભારત સરકાર દ્વારા કોવીડ - ૧૯ રોગચાળાને કાબુમાં લેવા વિવિધ પગલાંઓ ભરવામાં આવ્યા છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાના નેતૃત્વ હેઠળ કોરોના સામેની સજ્જતા અર્થે અગમચેતીના ભાગરૂપે ૧૦ અને ૧૧ મી એપ્રિલે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે.

જેના ભાગરૂપે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે કોરોના સામેની સજ્જતાની ચકાસણી અર્થેની મોકડ્રીલમાં સહભાગી બન્યા હતા.

એટલું જ નહીં આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે કોવિડ નિયંત્રણ માટેની તમામ વ્યવસ્થાઓ, ઓક્સિજન ટેંક, વેન્ટિલેટર, આઈ.સી.યુ માં બેડની ઉપલબ્ધતા, દવાનો જથ્થો, ઓક્સિજન કન્સન્ટ્રેટર સહિતની તમામ વ્યવસ્થાઓનું સ્થળ પર જઈને જાત નિરીક્ષણ કરીને સમગ્રતયા પરિસ્થિતિઓનો તાગ મેળવ્યો હતો.

આરોગ્યમંત્રીશ્રીએ આ મુલાકાતને પગલે કોરોના સામેની તૈયારીઓ માટેના કેટલાક જરૂરી સૂચનો પણ સંલગ્ન અધિકારીઓ અને હોસ્પિટલ તંત્રને કર્યા હતા.

આ મોકડ્રીલમાં હોસ્પિટલમાં ઉપલબ્ધ ઓક્સિજન ટેંકની વ્યવસ્થા, દવાનો જથ્થો, વેન્ટિલેટર, આઈ.સી.યુ. બેડ સહિત માનવબળની ઉપલબ્ધતા અંગેની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવશે.

આ દરમિયાન કોઈપણ વ્યવસ્થામાં ત્રુટિ જણાશે તો તેને સત્વરે દૂર કરવા માટે પણ જરૂરી

● અનુસંધાન પાન-૭ પર

## દર મહિનાની ૧૪મી તારીખે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પર આરોગ્ય મેળા યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ ઝુંબેશના ભાગરૂપે નવેમ્બર-૨૨ થી ઓક્ટોમ્બર-૨૩ દરમ્યાન તમામ આરોગ્ય દિવસની ઉજવણી દરમ્યાન આરોગ્ય મેળાઓનું આયોજન કરવા જણાવાવમાં આવ્યુ છે.

રાજ્ય સરકારે માર્ચ-૨૦૨૩થી ઓક્ટો. ૨૩ દરમ્યાન તમામ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે દર મહિનાની ૧૪મી તારીખે આરોગ્ય મેળાઓનું આયોજન કરવાનો નિર્ણય કર્યો છે અને આ માટે જિલ્લાઓને જરૂરી સૂચનાઓ પણ આપી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આરોગ્ય મેળાઓમાં થયેલ કામગીરીનો દરેક જિલ્લાઓને ૧૭મીએ રિપોર્ટીંગ કરવાનું રહેશે. જેથી સરકારને પણ કયા પ્રકારના કેસો વધુ મળી રહ્યા છે અને કયા રોગોના નિયંત્રણ માટે અસરકારક પગલાં જરૂરી છે તેની રણનીતિ ઘડવામાં સરળતા રહે.

તંત્ર દ્વારા હવે દર મહિને આરોગ્ય મેળાઓના આયોજન અંગે તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# સોનાની થાળીમાં લોઢાની મેખ



સ્વચ્છતા બાબતે ગાંધીનગરમાં અનેક પ્રશ્નો ઉભા થયા છે. શહેરને સ્વચ્છ બનાવવા કંઈ કેટલાય રૂપિયાનું આંધણ કરવામાં આવે છે... પરંતુ આ સમસ્યાનો ઉકેલ આવતો નથી... જ્યાં ત્યાં પડેલો કચરો શહેરની શોભામાં કાળી ટીલી લગાવે છે.. સેક્ટર-૧૧માં કચરા પેટીની લારીઓ જ્યાં મૂકવામાં આવી છે તેની આસપાસ જ ખૂબ કચરો જોવા મળી રહ્યો છે....

# જિલ્લામાં ઉનાળુ વાવેતર ૨૭,૫૦૦ હેક્ટરમાં નોંધાયુ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં હવામાનની પ્રતિકૂળતાઓ વચ્ચે પણ ધીમી ગતિએ ઉનાળુ પાકની વાવણી ખેડૂતો કરી રહ્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૭,૫૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતરની કામગીરી સંપન્ન થઈ છે.

જિલ્લામાં સતત હવામાનની પ્રતિકૂળતાઓ વચ્ચે દહેગામ, માણસા, ગાંધીનગર તેમજ કલોલમાં સરેરાશ વાવેતર કરતાં વધુ વાવેતર થયુ હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે. ખેડૂતોએ ઉનાળુ પાકોના વાવેતરમાં પ્રયોગોથી અળગા રહી અને પરંપરાગત ખેતીને જ અગ્રતા આપી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દહેગામમાં ૯૧૩૦ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૭૯૩૦ હેક્ટરમાં, કલોલમાં ૩૪૪૬ હેક્ટરમાં અને માણસામાં ૬૭૮૮ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે.

જિલ્લામાં બાજરીનું વાવેતર ૭૫૫૩ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૫૦૯૦ હેક્ટરમાં, મગનું વાવેતર ૧૬ હેક્ટરમાં જ્યારે તેલિબિયા પાકોનું વાવેતર ૧૨ હેક્ટરમાં નોંધાયુ છે. ઘાસચારાનું વાવેતર ૧૪,૫૬૩ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં સિંચાઈના ઓછા અને મર્યાદિત સાધનો તેમજ ચોમાસાની વરસાદની ઘટ અને શ્રમિકોની અછત વચ્ચે પણ ખેડૂતોએ વાવણી ચાલુ રાખી છે.

# ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા ૧૬ અને શહેરમાં ૩ કેસ

**શહેરના સે. ૧૨, ૩-એ-ન્યુ તેમજ સરગાસણમાંથી કેસ મળ્યા : ૧ દર્દીને સારવાર માટે દાખલ કરાયા : ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં બે, કલોલમાં ૯, માણસામાં ૫ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા ૧૬ કેસ અને શહેરમાં કોરોનાના ત્રણ કેસ વધ્યા છે. શહેર-જિલ્લામાં જે રીતે કેસો વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. કોરોના લોકલ ટ્રાન્સમિશન તરફ આગળ વધી રહ્યાનો ભય તંત્રને સતાવી રહ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના ઝડપથી પ્રસરી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા કડક તાકીદ કરવામાં આવી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા આજ સુધીમાં ૧૩૩ થઈ છે.

કોરોનાથી સંક્રમિત થયેલા દર્દીઓની હિસ્ટ્રી મેળવી તે અંગેનું એનાલિસીસ હાથ ધરવામાં આવ્યુ છે. શહેર-જિલ્લામાં કોરોનાના કેસો ૨૫૦ને પાર થયા છે ત્યારે તંત્રએ પણ ટ્રેકિંગ, ટ્રીટમેન્ટ અને ટ્રેસીંગની રણનીતિને અસરકારક બનાવવા સાથે લોકો સતર્ક રહે તે માટે જનજાગૃતિ અભિયાન ચલાવવાનું નક્કી કરેલ છે.

કોરોનાના નવા કેસોમાં હળવા લક્ષણો દેખાય છે અને હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવા ઉપરાંત રિકવરીરેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવામાં આવ્યો છે. હાલ કોરોનાના કેસો જે વધી રહ્યા છે તેમાં હવામાનમાં સતત બદલાવ પણ એક કારણ હોવાનું તબીબો કહી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના વધુ ૧૬ કેસ નોંધાયા છે. જેમાં ૮ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. બે દર્દી વીસ વર્ષથી ઓછી વયના છે. ગ્રામ્ય વિસ્તારમાં મહિલા દર્દીઓની વધી રહેલી સંખ્યાથી તંત્રની ચિંતા વધી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં બે કેસ, માણસામાં ૫ કેસ તેમજ કલોલમાં ૭ કેસ નોંધાયા છે. દહેગામ અને માણસામાં કોરોનાએ પકડેલી ગતિથી તંત્રની દોડધામ વધી જવા પામી છે.

દહેગામ તાલુકામાં આજે બે કેસ નોંધાયા છે. દહેગામના પાસુન્દ્રા ગામમાંથી આ બન્ને કેસ મળી આવેલ છે. ૭૨ વર્ષીય મહિલા તેમજ ૧૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાં આજે નવા ૯ કેસ નોંધાયા છે. કલોલના ડિંગુચા ગામે આજે વધુ ૪ કેસ નોંધાયા છે તો પાનસરમાં બે કેસ નોંધાયા છે.

કલોલના ઈફકોમાં ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ખોરજ ડાભી ગામેથી

● અનુસંધાન પાન-૭ પર




જયજય હનુમાન ગોસાઈ... - શહેરમાં પૂજ્ય ભુપેન્દ્રભાઈ પંડ્યાના વ્યાસાસને સફળતાના શિલ્પી હનુમાનજી વિષય પર આરંભાયેલી કથાના ત્રીજા દિવસે હનુમાનજીના જીવન કવન પર વાત કરતાં પૂજ્ય ભુપેન્દ્રભાઈએ 'હનુમાન' નામ અંગે ખુબ સુંદર સમજણ આપી હતી. 'હનુમાન' નામના સ્થુળ અર્થને બદલે સુક્ષ્મ અર્થને સમજાવી કથાકારે શ્રોતાઓના મન ભક્તિભાવથી ભરી દીધા હતા. મોટી સંખ્યામાં શ્રોતાઓએ આ કથા શ્રવણનો લાભ લીધો હતો.

# સપ્તાહથી પણ ઓછા સમયમાં મનપામાં એક જ પ્રોજેક્ટના બે વાર ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગર પાલિકામાં સોલાર પ્લાન્ટ પ્રોજેક્ટનું પાંચ દિવસના ગાળામાં બે વખત લોકાર્પણ યોજવાના અભિગમને લઈ સત્તાધારી પક્ષમાં બધુ સરખુ નહિ ચાલી રહ્યાના સંકેતો દર્શાવતા હોવાની ચર્ચાએ પાટનગરમાં રાજકીય ગરમાવો પકડ્યો છે.

મનપામાં સોલાર પેનલોનું વીજ કનેક્શન મળતાં તેને કાર્યરત કરવામાં આવી છે. ગત સપ્તાહે જ સ્થાયી સમિતિના ચેરમેને આ પેનલો કાર્યરત થઈ ગઈ હોવાની જાહેરાત કરી હતી અને મનપાના વિજબિલમાં ઘટાડો થશે તેમ દાવો કર્યો હતો.

આજે મનપાના મેયર હિતેશ મકવાણાએ સંગઠન તેમજ ધારાસભ્યોની ઉપસ્થિતિમાં આ પ્રોજેક્ટ કાર્યરત કરવામાં આવ્યો હોવાની જાહેરાત કરી ઉદ્‌ઘાટન કરતા ફોટા મુક્યા છે.

મનપામાં ભાજપની ચૂંટાયેલી પાંખ એક થઈ કામ કરી રહી હોવાની છબી જે જનમાનસમાં અંકિત થઈ હતી તેમાં આજે તિરાડ પડી હોવાની ચર્ચાઓ શહેરભરમાં સાંભળવા મળી હતી.

આ ઉદ્‌ઘાટનના બે અલગ અલગ ફોટાઓ સોશ્યલ મિડિયામાં પણ વાયરલ થયા છે. જો કે હવે મનપાની ચૂંટાયેલી પાંખમાં જે તિરાડો ઉભી થઈ રહી છે તેને લઈ સ્થાનિક નેતાઓની પણ ચિંતા વધી હોવાનુ જણાઈ રહ્યું છે.

# રાઈટ ટુ એજ્યુકેશન અન્વયે જિલ્લામાં ૨૦૭૬ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે

**આગામી તા ૨૨ એપ્રિલ સુધી ફોર્મ સ્વીકારવામાં આવશે : ૩૦ એપ્રિલ સુધી ચકાસણીની પ્રક્રીયા પુર્ણ કરી દેવાશે ત્યારબાદ પ્રવેશ પ્રક્રીયા આખરી થશે**

ગાંધીનગર તા ૧૦

જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણના કાયદા અન્વેય રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ધો -૧ માં ખાનગી શાળામાં પ્રવેશ આપવા માટે પ્રક્રીયા શરૂ કરી દેવામાં આવી છે. જયારે ધો -૧ માં જિલ્લાની વિવિધ શાળાઓમાં ૨૦૭૬ બેઠકો અનામત રાખવામાં આવી છે. જયારે આ પ્રક્રીયા અન્વયે આગામી તા ૨૨ એપ્રિલ સુધી અરજીનો સ્વીકાર કરવામાં આવશે. જેના અંતે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પ્રમથ તબક્કામાં કાર્યવાહી હાથ ધરાશે.

ગરીબ અને મધ્યમવર્ગના બાળકો ખાનગી શાળામાં અભ્યાસ કરી શકે તે માટે રાઈટ ટુ એજ્યુકેશન એકટ અંતર્ગત સરકાર દ્વારા ધો -૧ માં પ્રવેશ આપવામાં આવે છે. જયારે આ કાયદા અન્વયે વિવિધ શાળાઓમાં ૨૫ ટકા બેઠકો ખાલી રાખવામાં આવે છે. ધો - ૧ થી ૮ સુધી આ વિદ્યાર્થીઓની ફી પણ સરકાર ચુકવે છે. સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર આ અન્વયે જિલ્લામાં ફોર્મ સ્વીકારવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જયારે ગત વર્ષ દરમિયાન આ પ્રક્રીયા વહેલી શરૂ કરવામાં આવી હતી જે અન્વયે શહેરી વિસ્તારમાં ૪૦ શાળાઓમાં ૪૪૨ વિદ્યાર્થીઓને ધો -૧ માં પ્રવેશ આપવા માટે બેઠકો અનામત રાખવામાં આવી હતી. જયારે ગ્રામ્ય વિસ્તારમાં ૨૩૮ શાળાઓમાં ૧૭૫૧ બેઠકો અનામત રાખવામાં આવી હતી. જયારે આ દરમિયાન પ્રવેશ મેળવવા માટે ૩૭૪૨વાલીઓએ ફોર્મ ભર્યા હતા. જિલ્લામાં શહેરી વિસ્તારની સાપેક્ષમાં ગ્રામ્ય વિસ્તારમાં શાળાઓની સંખ્યા વધુ છે. જો કે શહેરી વિસ્તારમાં રાઈટ ટુ એજ્યુકેશનના કાયદાનો લાભ લેવા માટે વધુ ફોર્મ ભરાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં બોર્ડ પરીક્ષા બાદ હવે શાળાઓમાં પરીક્ષાની મોસમ

**વિદ્યાર્થીઓ તૈયારીમાં વ્યસ્ત : ધો ૬ થી ૮ અને ધો ૯અને ૧૧ ના વિદ્યાર્થીઓની પરીક્ષા જૂનથી જાન્યુઆરી સુધીના સંપૂર્ણ અભ્યાસક્રમ ને આવરી લેવામાં આવશે**

ગાંધીનગર તા ૧૦

ધો ૧૦અને ૧૨ ની પરીક્ષા પૂર્ણ થયા બાદ હાલ બાકી રહેતા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે જો કે ધોરણ ૩થી ૫ની પરીક્ષા ૧૧મીએ પૂર્ણ થશે જયારે ધો ૬થી ૮ની પરીક્ષા તા ૧૨ એપ્રિલ થી શરૂ થશે. આ ઉપરાંત સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લઈને ધોરણ ૧૧ અને ૯ માં ધોરણના વિદ્યાર્થીઓની પરીક્ષાનો પ્રારંભ થયો છે.

જયારે આ પરીક્ષાના પ્રશ્નપત્રોમાં ઓકટોબરથી જાન્યુઆરી સુધીના અભ્યાસક્રમમાંથી ૭૦ ટકા જયારે જુનથી સપ્ટેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી ૩૦ ટકા પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવશે

ધો ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડ પરીક્ષાના અંતે પ્રાથમિક અને માધ્યમિક વિભાગના બાકી રહેતા ધોરણ ના વિદ્યાર્થીઓ ની પરીક્ષા ચાલી રહી છે જેના લીધે ફરી એકવાર પરીક્ષાની મોસમ નિખરી છે ધો ૯માં અને ૧૧માંના બાળકોની કસોટી લેવા દરમિયાન શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી અમલી પરીક્ષા પદ્ધતિ યથાવત રાખવા તેમજ તેમાં કોઈપણ ફેરફાર નહીં કરવા શાળા સંચાલકોને અને જિલ્લા શિક્ષણ તંત્રના અધિકારીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ દ્વારા સ્પષ્ટ તાકીદ કરાઈ છે.

**જુનથી સપ્ટેમ્બર સુધીના અભ્યાક્રમમાંથી ૩૦ ટકા અને ઓક્ટોબરથી જાન્યુઆરી સુધીના અભ્યાસક્રમમાંથી ૭૦ ટકા પ્રશ્નો પૂછવામાં આવશે**

ધોરણ ૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષાઓ શરૂ થતા વિદ્યાર્થીઓ હાલ પરીક્ષાલક્ષી તૈયારીમાં વ્યસ્ત છે આ ઉચ્ચત્તર માધ્યમિક વિભાગની આ પરીક્ષાઓ તારીખ ૨૧મી એપ્રિલે પૂર્ણ થશે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ દ્વારા જિલ્લા શિક્ષણ તંત્રને ઉપરોક્ત પરીક્ષાને અનુલક્ષી જરૂરી સુચના આપવામાં આવી છે. જે મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટેની વાર્ષિક પરીક્ષામાં અભ્યાસક્રમમાં કોઈ ઘટાડો કરવાનો નથી.

ધોરણ ૯ અને ૧૧ની દ્વિતિય અલબત્ત વાર્ષિક પરીક્ષામાં જુનથી જાન્યુઆરી સુધીના સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેવામાં આવશે જે મુજબ જુનથી સપ્ટેમ્બર સુધીના અભ્યાક્રમમાંથી ૩૦ ટકા અને ઓક્ટોબરથી જાન્યુઆરી સુધીના અભ્યાસક્રમમાંથી ૭૦ ટકા પ્રશ્નો પૂછવામાં આવશે જયારે પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિ ન થાય તે માટે વિશેષ તકેદારી રાખવા પણ જણાવાયું છે




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com